

# શ્રી અરુણાચલ મહિમા



પ્રકાશક :
**શ્રી ગોર આશ્રમ**
ખરેડા (મોરબી)

# શ્રી અરુણાચલ મહિમા



શ્રી ગોર આશ્રમ

મુ. ખરેડા, તા. જી. મોરબી, પીન : ૩૬૩ ૬૪૧
e : shreegorji@yahoo.com
www.shreegorji.org | www.facebook.com/shreegorji

दर्शनादभ्रसदसि

जननात्कमलालये ।

काश्यां तु मरणान्मुक्तिः

स्मरणादरुणाचलम् ॥

ચિદમ્બરમ્માં નટરાજના દર્શનથી, તિરૂવરૂરમાં જન્મ લેવાથી, કાશીમાં મરણ પામવાથી મુક્તિ મળે છે, પરંતુ શ્રી અરુણાચલના સ્મરણ માત્રથી મુક્તિ મળે છે.

શ્રી અરુણાચલથી મોટું
કોઈ તીર્થ નથી,
શ્રી અરુણાચલથી મોટો
કોઈ દેવ નથી,
અને
શ્રી અરૂણાચલની
પ્રદક્ષિણાથી
મોટું કોઈ તપ (પુણ્ય) નથી.

- સ્કંદ પુરાણ

જે ભક્તો ભગવાન શ્રી રમણ મહર્ષિ સાથે હતા, એમને સુવિદિત છે કે ભગવાન ગિરિ-પ્રદક્ષિણાને કેટલું મોટું મહત્વ આપતા.

ભગવાને ખુદ અનેકવાર ગિરિ-પ્રદક્ષિણા કરેલ અને સૌ ભક્તોને આ માટે પ્રોત્સાહિત કરતા.

ભગવાન પૂછ્યા વિના ભાગ્યે જ કોઈને સલાહ આપતા, પરંતુ ભક્તોની સાધનામાં પ્રગતિ થાય એ માટે ગિરિ-પ્રદક્ષિણાનું મહત્વ સૌને પૂરા ઉત્સાહથી વારંવાર કહેતા રહેતા.

શ્રી અરુણાચલ ‘‘સત્’’નું સાકાર સ્વરૂપ છે. એટલે શ્રી અરુણાચલનો કોઈપણ સંસર્ગ એ ‘‘સત્સંગ’’ છે.

શ્રી અરુણાચલની સ્મૃતિ, શ્રી અરુણાચલના દર્શન અને શ્રી અરુણાચલમાં નિવાસ એ ખરેખર ‘‘સત્સંગ’’ જ છે.

પરંતુ ઉઘાડા પગે પોતાની જમણી બાજુએથી (clockwise) શ્રી અરુણાચલની પ્રદક્ષિણા તો વિલક્ષણ સત્સંગ ખરા અર્થમાં છે.

'શ્રી અરુણાચલ એ ટેકરીના સ્વરૂપે જ્ઞાનાગ્નિ હોઈ તેની પ્રદક્ષિણા કરતા મનની બાહ્યવૃતિઓ અને વાસનાઓ આપોઆપ બળી જાય છે.'

જેમ ભીના લાકડાને અગ્નિ પાસે લાવતા ક્રમિક રીતે સુકાઈને અમુક ચોક્કસ સમયે તે પોતે પણ બળી જાય છે, તે જ રીતે જયારે દુન્યવી વૃત્તિઓથી તરબોળ આપણું મન ગિરિ-પ્રદક્ષિણા કરે છે ત્યારે ક્રમશઃ સુકાઈને ચોક્કસ બિંદુએ જ્ઞાનના અગ્નિમાં હોમાવા ચપળ બને છે.

ભગવાન શ્રી રમણ મહર્ષિ કહેતા કે આ ટેકરી દિવ્ય આધ્યાત્મિક શક્તિનો સંગ્રહ સ્થાન, કોઠાર છે. તેની પ્રદક્ષિણા ઘણા પ્રકારે લાભદાયી છે.

સંતો અને શાસ્ત્રોના મત અનુસાર કોઈપણ સાંસારિક ઈચ્છાપૂર્તિ કે ધાર્મિક ક્રિયાકાંડમાં ‘‘શ્રદ્ધાપૂર્વક’’ વિધિ-સંપન્ન કરવી આવશ્યક ગણાય છે.

પરતું શ્રી અરુણાચલનું સામર્થ્ય એવું છે કે કોઈ શ્રદ્ધા વગર પણ તેની પરિક્રમા કરે તો પણ તેની તેને અસર થશે અને ચોક્કસ મન શુદ્ધતા પામશે.

ભગવાને કહેલું કે ગિરિવલમ્‌માં શ્રદ્ધાની જરૂર નથી. દરેકને માટે પરિક્રમા સારી છે. વળી, એ પણ મહત્વનું નથી કે તેને તેમાં શ્રદ્ધા છે કે નહિ. જેમ અગ્નિ તેની નજીક આવનારને દઝાડે છે તેમ, શ્રી અરુણાચલ પણ, પછી ભલે તે માને કે ન માને, પરિક્રમા કરનારનું તે અવશ્ય ભલું કરે છે.

શ્રી અરુણાચલ મહિમાનું સમર્થન તથા તેના સત્સંગની તાકાત પુષ્ટિ ભગવાન શ્રી રમણ મહર્ષિએ આ પ્રમાણે કરેલી છે.

આ આખી ટેકરી પરમ પવિત્ર છે, તે પોતે શિવ છે. જેમ આપણે મનુષ્યો પોતાને નામ, રૂપ, દેહથી ઓળખીએ છીએ, તેમ શિવે પોતાને આ ટેકરી તરીકે ઓળખાવાનું પસંદ કર્યું છે. શ્રી અરુણાચલ એ ટેકરીના સ્વરૂપે શુદ્ધ સમજણ, વિવેક વિચાર કે જ્ઞાન છે. પોતાના ભક્તો પ્રત્યે કરૂણાવશ શિવ શ્રી અરુણાચલ રૂપે, આપણી આંખ નિહાળી શકે તેમ પ્રગટ થયા છે. આ ટેકરી પાસે રહેવાથી, સાધક માર્ગદર્શન અને દિલાસો મેળવશે...!

શ્રી અરુણાચલની નિયત કર્તવ્ય ભૂમિકા એક સદ્ગુરૂ તરીકે છે, કારણ કે...

* જે શ્રી અરુણાચલનું ધ્યાન કરે છે તેના અહમ્‌ને તો જડ મૂળથી ઉખેડી નાખે છે.
* તેને જે ઈશ્વર તરીકે જુએ છે, તે જોનારનો સદંતર નાશ કરે છે.
* તે મૌન દ્વારા સુચના આપે છે.
* તે સ્વ-ખોજ કે આત્માનુસંધાનનો માર્ગ શીખવે છે.
* તે સ્વયંમાં રહેલા સત્યનો રહસ્ય સ્ફોટ કરે છે.
* જ્ઞાનને સમર્પિત થવાની પ્રાર્થના માટેનો તે રસ્તો ચીંધાડે છે.
* તે આપણને દેહ સાથેનું જોડાણ ત્યજવા ફરજ પાડે છે.
* તેની સાથે જે સંબંધથી જોડાય, તેના અન્ય દરેક જોડાણ સંબંધોને તે છોડાવે છે.

**“જેમણે દેહાત્મ બુદ્ધિનો**
**ત્યાગ કર્યો છે. તેમને જ,**
**ઓ  શ્રી અરુણાચલ !**
**તારી મહત્તાનું જ્ઞાન થશે.”**

**-સુંદરમૂર્તિ,**

(તામિલના વિખ્યાત અનાર્ય પૌરાણિક
દ્રવિડ શૈવ સંતની કૃતિ ‘તિરુવનૈક્કા’માંથી)

ગિરિ-પ્રદક્ષિણા કરતા દરેક ભક્તોને નિર્વિચાર અવસ્થા અનુભવાતી નથી, એનો અર્થ એમ નથી કે તેઓની પ્રદક્ષિણા ફળદાયી નથી. પ્રદક્ષિણાનો મુખ્ય લાભ એ છે કે વાસનાઓની મન ઉપરની તેની મજબુત પકડ ધીમે ધીમે ઢીલી થતી જાય છે. જે રીતે બાળક પોતાનો વિકાસ સહેલાઈથી સમજી શકતું નથી, તે રીતે મનને પોતાની નબળી પડતી વાસનાનો બોધ સહેલાઈથી ગ્રહણ થઈ શકતો નથી.

પ્રદક્ષિણા કરનારનું તે ભલું કરશે. પછી ભલે આધ્યાત્મિક લાભ મળતો લાગે કે ન લાગે, પણ શારીરિક કસરતનો લાભ તો અવશ્ય મળવાનો જ છે!!

એક વખત ચિદમ્બરમ્ તીર્થના વતની એવા ભક્તે ભગવાનને ત્યાં લઈ જવા ઈચ્છ્યું. પરંતુ એ પ્રયાસો નિષ્ફળ જતા તેણે કહ્યું કે, ચિદમ્બરમ્ એ શ્રી અરુણાચલ કરતા મહાન છે કારણ કે પંચ ભૂતોનાં લિંગોમાં ચિદમ્બરમ્ એ આકાશ લિંગ છે. શ્રી અરુણાચલ એ અગ્નિલિંગ છે.અન્ય ચાર તત્વો ભૂમિ, જલ, વાયુ અને અગ્નિ અંતે આકાશમાં સમાઈ જાય છે તેથી આકાશ એ મુખ્ય તત્ત્વ છે.

ભગવાને હસીને કહ્યું કે જ્યારે પ્રકૃતિ-શક્તિ પોતાની શિવ પરમાત્મા સાથેની સાયુજ્યતા ત્યજે છે ત્યારે બધા પાંચ તત્વો અસ્તિત્વમાં આવે છે. આમ પાંચ તત્વો કરતા શક્તિ ચઢિયાતી છે. આથી તત્ત્વોના સમાહિત થવાની જગ્યા કરતા, શક્તિ પોતે જ્યાં સમાહિત થાય છે તે જગ્યા વધુ મહત્વની છે.

નટરાજ સ્વરૂપે શિવ ચિદમ્બરમ્માં શક્તિ સાથે નૃત્ય કરે છે પરંતુ શ્રી અરુણાચલમાં શિવ સ્થિર, અચલ રહે છે અને પ્રકૃતિ-શક્તિ વિના પ્રયત્ને સ્વતઃ શિવના અગાધ સ્નેહથી તેનામાં ભળી, સમાઈ જાય છે. આથી શ્રી અરુણાચલ સર્વોચ્ચ શિવ ક્ષેત્ર છે. અહીં દશ્યમાન જગત ઈશ્વરમાં એકરૂપ થઈ જાય છે. આથી પોતાના ભ્રામક દ્વંદ્વોનો અંત ઈચ્છતા પુખ્ત સાધકોને સૌથી શ્રેષ્ઠ, પ્રબળ સહાય ફક્ત શ્રી અરુણાચલમાં જ પ્રાપ્ત થાય છે.

સૌથી પવિત્ર અને શક્તિશાળી પાવરફૂલ મંત્ર 'ૐ નમઃ શિવાય' છે. તેનાથી ત્રણ કરોડ ગણો પાવરફૂલ શ્રી અરુણાચલ મંત્ર છે.

શ્રી અરુણાચલ શિવનું સ્મરણ કરવું, એના વિશે વિચાર કરવો એ 'નમઃ શિવાય'ના ત્રણ કરોડ જપ કરવા બરોબર છે.

રેફરન્સ : સાભાર પુસ્તક

**'શ્રી રમણ મહર્ષિ : શ્રી અરુણાચલ પરના સંસ્મરણ.**

લેખકઃ–કાર્તિકેય ભટ્ટ

પેઈજ નં.–૩૪, પુસ્તક કિંમત રૂા.૧૫૦/–

ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ મુંબઈ/અમદાવાદ.

ભગવાન પાસે ઈ.સ. ૧૯૪૮માં મુંબઈથી એક ભક્ત શ્રી અરુણાચલ મંત્રની હજારોવાર લખેલી જાપ લેખનની નોટબૂક લાવ્યા, જેમાં છેલ્લા પાને લખ્યું હતું કે, ઓ ભગવાન ! માં શારદા દેવીના જીવનમાં તેણે કહ્યું છે કે, કાશીમાં જો કોઈ પશુ પણ મૃત્યુ પામે તો તે મોક્ષ પામે છે.

ભગવાને નોટબૂક જોઈ આશ્ચર્ય સાથે ઉદ્ગાર કર્યો કે **સ્મરણાત્ અરુણાચલમ્** ! અર્થાત્ ફક્ત શ્રી અરુણાચલને યાદ કરવાથી મુક્તિ પ્રાપ્ય છે.

બાદમાં 'શ્રી અરુણાચલ માહાત્મ્ય પુસ્તક' ગમે ત્યાંથી ખોલી તમિલમાં એક વાક્ય કહ્યું' 'એક અરુણાચલ'નો એક કરોડ 'ૐ નમઃ શિવાય' જેટલો પાવર છે.'

"અ-રુ-ણા-ચ-લ" જ્ઞાન-પંચાક્ષરી છે. પાંચેય એક એક અક્ષર જ્ઞાનને સમર્પિત છે. તદુપરાંત, પરંપરા કહે છે કે જયારે 'મંત્ર' જ્ઞાની દ્વારા આપેલો હોય અને જયારે તે મંત્રના દરેક અક્ષરનું મહત્વ સમજાવતા હોય ત્યારે વાસ્તવમાં તેઓ તે મંત્રમાં પોતાની શકિત ઉમેરતા હોય છે.

આથી, જો કોઈ ભગવાનના અનુયાયી મંત્ર લેવા ઈચ્છતા હોય,તો તેઓ ખુશીથી શ્રી અરુણાચલને લઈ શકે કે, જે મંત્ર ભગવાન દ્વારા જાહેરમાં તેઓને આપવામાં આવેલ છે.

**ભગવાન શ્રી રમણ મહર્ષિ**
**અવાર નવાર કહેતા :**
**જેઓ ધ્યાન માટે સક્ષમ નથી,**
**તે શ્રી અરુણાચલની**
**પ્રદક્ષિણાથી ધ્યાન માટે**
**સક્ષમ થાય છે**

**“આ શ્રી અરુણાચલ શિવ છે, કે જે કૃપાનો મહાસાગર હોઈ, તેના ચિંતન માત્રથી મુક્તિ આપે છે.”**

આ પંક્તિઓ ૧૯૩૨માં ભગવાન દ્વારા રચાયેલી છે. જે શ્રી અરુણાચલ શિવ પરનો ધ્યાન શ્લોક છે.

તે પાવન ટેકરી શ્રી અરુણાચલના ચિત્ર નીચે શ્રી રમણ નુલ્ટીરટુ નામની તમિલ સંગ્રહકૃતિમાં છાપવામાં આવી છે.

શ્રી અરુણાચલ અક્ષર વરમાળામાં તેઓ ગાય છે કે હે શ્રી અરુણાચલ ! જેઓ પોતાના હૃદયમાં તારું ધ્યાન ધરે છે તેઓની અહંતાને તું જડમૂળથી ઉખેડી નાખે છે.

**ભગવાન શ્રી રમણ મહર્ષિ કહેતા કે પુરાણોમાં જે 'મેરુ' પર્વતનો ઉલ્લેખ છે તે આ શ્રી અરુણાચલ જ છે.**

**આદિ શંકરાચાર્યે પણ આ વાતની પુષ્ટિ કરી છે કે પુરાણોમાં જે 'મેરુ' પર્વતનું વર્ણન છે તે "શ્રી અરુણાચલ" જ છે.**

મેરુ : સૌથી મોટો પૌરાણિક એક પર્વત. તેને આધારે પૃથ્વી રહે છે. તથા ગ્રહો તેની આસપાસ ફરે છે. તે સાવ સોનાનો છે અને સૂર્ય તેની આસપાસ ફરે છે.

(ભગવદ્ ગોમંડલ)

દુનિયામાં બે જાતના લોકો છેઃ

(૧) જેમણે શ્રી અરુણાચલના દર્શન કર્યા છે.

(૨) જેમણે શ્રી અરુણાચલના દર્શન નથી કર્યા.

ભક્તિમાર્ગમાં ઈષ્ટ પ્રત્યે શ્રદ્ધા અતિ આવશ્યક મનાય છે, પરંતુ શ્રી અરુણાચલ એક માત્ર 'છે' જેને કોઈ શ્રદ્ધા વિના પણ ભજે તો પણ મોક્ષ પ્રદાન કરે છે.

- ભગવાન શ્રી રમણ મહર્ષિ

ભગવાનનાં આ કથન પરથી
શ્રી અરુણાચલની
ભવ્યતા સમજી શકાશે :

અંતે તો દરેકે  શ્રી અરુણાચલ
આવવું જ પડશે.

*******

શ્રી અરુણાચલ
વિશ્વની આધ્યાત્મિક
ચેતનાનું કેન્દ્ર છે.

ભગવાન શિવ, કૈલાશ પર નિવાસ કરે છે, તેથી કૈલાશ એ શિવનું ધામ છે.

પરંતુ શ્રી અરુણાચલ એ સાક્ષાત્ શિવનું રૂપ છે.

-ભગવાન શ્રી રમણ મહર્ષિ

*******

જ્યારે કોઇએ વિદેશથી પત્ર દ્વારા શ્રી અરુણાચલનાં પવિત્ર ભાગમાંથી ગોળ લીસો પત્થર મોકલવા ભગવાનને વિનંતી કરી ત્યારે ભગવાને જણાવ્યું કે તે મહાશય જાણતા નથી કે અત્રે કોઈ અંશતઃ ભાગ નહીં, પરંતુ સમગ્ર પર્વત પવિત્ર છે.

સત્‌યુગમાં આ પર્વત અગ્નિ સ્વરૂપ હતો. ત્રેતાયુગમાં રત્નના રૂપમાં ચમકતો હતો. દ્વાપરયુગમાં સ્વર્ણિમ (સોનાના) પર્વતના રૂપમાં હતો. તથા કલિયુગમાં પાષાણયુક્ત પર્વત થઈ ગયો.


સત્‌યુગમાં આ અગ્નિપિંડના રૂપમાં કેટલાય યોજન ફેલાયેલો હતો ત્યારે ઋષિઓ આની પ્રદક્ષિણા કરતા હતા. દેવોની પ્રાર્થનાથી ભગવાન શ્રી અરુણાચલે ઠંડા પર્વતનું રૂપ ધારણ કરી લીધું.

આ અરૂણાદ્રી છુપા વેશમાં અગ્નિનો પર્વત છે.

-ગૌતમ ઋષિ

આશ્ચર્યજનક હકિકત એ છે કે સૂર્ય કદી પણ  શ્રી અરુણાચલ પર્વતને સીધા પાર કરવાનો પ્રયત્ન કરતો નથી, તથા તે  શ્રી અરુણાચલની ચારે તરફ જઇને પોતાનો પથ પૂર્ણ કરે છે.

અર્થાત્ સૂર્યનારાયણ પણ ‘‘શ્રી અરુણાચલ’’ની પ્રદક્ષિણા કરે છે અને ઉપરથી પસાર થતો નથી.



શ્રી અરુણાચલ બહાર નથી
પણ અંદર છે.
તે હૃદયની પ્રતીકાત્મક
રજુઆત કરતી ગૂઢ જગ્યા છે.

-ભગવાન શ્રી રમણ મહર્ષિ

નંદી કહે છેઃ

એ પુણ્યધામ છે ! બધાથી શ્રી અરુણાચલ અધિક પવિત્ર છે ! તે જગતનું હૃદય છે! તે શિવના પવિત્ર હૃદયકેન્દ્ર તથા ગૂઢ સ્વરૂપ તરીકે ઓળખાય છે. એ ધામમાં શ્રી શિવ ભવ્ય અરૂણગિરિ તરીકે વાસ કરે છે.

-સ્કંદ પુરાણ

શિવ કહે છેઃ

વસ્તુતઃ તે જ્યોતિર્મય છે, છતાં આ ધામમાં તેનું પ્રકાશરહિત ગિરિ સ્વરૂપ, જગતની સ્થિતિ અર્થે વ્યાપેલી કૃપાનું અને પ્રેમપૂર્ણ એકાંતનું ફળ છે.

અહીં હું સર્વદા સિદ્ધ તરીકે વસુ છું.

મારી હૃદયગુહામાં વસેલા તેનું ધ્યાન, જગતના સર્વભોગો ઉપરાંત પરમ યશ પ્રાપ્ત કરાવે છે.

-શ્રી અરુણાચલ માહાત્મ્ય

“જેના દર્શન માત્રથી સકળ પાપો ધોવાઇ જાય છે, જે એકલો બ્રહ્માંડનો અંત અને જીવોનો કર્તા છે તે દિવ્ય શ્રી અરુણાચલ છે.”

-સ્કંદ પુરાણ

શ્રી અરુણાચલનું ઉત્તુંગ શિખર યુગોથી સમાન રીતે ચાલ્યા આવતા, ઉર્ધ્વગામી ઉપરને ઉપર પ્રગતિ પ્રેરતા માર્ગ પ્રત્યે અંગુલી નિર્દેશ કરે છે.

અનેક કષ્ટ પીડાઓ દ્વારા પણ જે મેળવી શકાતું નથી તે વેદાંતનો અર્ક, આત્મજ્ઞાન આ ટેકરીને જ્યાંથી જોઈ શકાય ત્યાંથી દર્શન કરવાથી અથવા દૂર લાંબા અંતરેથી ફક્ત માનસિક વિચારણા, ચિંતન, સ્મરણ માત્રથી મેળવી શકાય છે.

આ પવિત્ર પર્વતની માનસિક મૂર્તિ પણ સત્યનાં અને સ્વરૂપનાં સાક્ષાત્કારની આડે આવનારા અનંત વિચારોની પરંપરાને શાંત કરવાની ક્ષમતા ધરાવે છે.

જો તમને શ્રી અરુણાચલનો આમંત્રણ ભર્યો પોકાર સંભળાય, તો તમારે ત્યાં અવશ્ય જવું જ જોઈએ.

'શ્રી અરુણાચલ' એ પૃથ્વી ગ્રહ પરની સૌથી શાંત નિઃશબ્દ જગ્યા છે.

- પાપાજી

(શ્રી હરિવંશલાલ પૂંજાજી)

મારું ચંચળ મન નિત્ય તારા દર્શન કર્યા કરે અને શાંતિ મેળવે તે માટે હે  શ્રી અરુણાચલ ! મને તારું સૌંદર્ય બતાવજે. હૃદયમાં શાંતિથી બિરાજીને આનંદનો સાગર ઉછાળજે, વાચા અને લાગણીને થંભાવી દેજે.

-ભગવાન શ્રી રમણ મહર્ષિ

(શ્રી અરુણાચલ અક્ષર વરમાળા)

શ્રી અરુણાચલ એકમ્ એવ અદ્વિતીય છે. શ્રી અરુણાચલ જગતજનની તરીકે તેની કૃપા વરસાવીને ભક્તને તારે છે.

શ્રી અરુણાચલ ભક્તોના ભક્ષક તરીકે મશહૂર છે. અમોઘ કૃપાજાળમાં સપડાવીને તે ભક્તને પોતાની પ્રેમ સ્વરૂપની ભક્તિમાં પીગળાવીને શાંતિ આપે છે.

– શ્રી અરુણાચલ અક્ષર વરમાળા

ચિદંબરમ્ તીર્થના પટાંગણમાં, શિવ સ્વભાવે અચળ હોવા છતાં નિશ્ચલ ઉભેલી નિજ શક્તિ સમક્ષ આનંદમાં નટરાજ રૂપે નૃત્ય કરે છે.

પરંતુ શ્રી અરુણાચલમાં તે પૂર્ણ ગંભીરતા સાથે ઉભા છે, અને પ્રકૃતિ(શક્તિ) તેમના અચળ આત્મામાં સમાઇ જાય છે.

– શ્રી અરુણાચલ નવમણિ માળા

‘અ’, ‘રુ’ અને ‘ણ’ એટલે

સત્, ચિત્, અને આનંદ... અથવા...

પરમાત્મા, આત્મા અને તત્ત્વમસિ એ મહાવાક્યમાં દર્શાવેલું તે બન્નેનું એક અને અદ્વિતીય રૂપે સાયુજય;

‘અચલ’ એટલે પૂર્ણતા,

આથી, સુવર્ણમય અને ઝળહળતા પ્રકાશવાળા શ્રી અરુણાચલની ભક્તિ કરો, કારણ કે તેનું સ્મરણમાત્ર મુક્તિ આપે છે.

– શ્રી અરુણાચલ નવમણિ માળા

મેં એક નવી વસ્તુ શોધી કાઢી છે. અનેક જીવોના લોહચુંબકરૂપી આ શ્રી અરુણાચલ ગિરિનું જે સ્મરણ કરે છે, તેની સર્વક્રિયાઓનો તે અવરોધ કરે છે, તેને સાક્ષાત્ દર્શન દે છે અને તેને પોતાની જેમ દૃઢાસનમાં સ્થિર કરી, એ રીતે પરિપક્વ થયેલા તેના આત્માનો ઉપભોગ કરાવે છે.

આ કેવું આશ્ચર્ય ? હે જીવો ! તેનું સ્મરણ કરો અને તરી જાઓ !

હૃદયની અંદર પ્રકાશી રહેલો આ ભવ્ય શ્રી અરુણાચલ ! જીવોનો આવો સંહારક છે !

- ભગવાન શ્રી રમણ મહર્ષિ

આ ગિરિને પરમ પુનિત ગણીને મારી જેમ ફના થનારા કેટલા છે ?

હે મનુષ્યો ! આ અતિશય દુઃખદાયક જીવનથી કંટાળીને તમે દેહ છોડી દેવાનો માર્ગ શોધી રહ્યા છો, પરંતુ આ પૃથ્વી પર એવું દુર્લભ ઔષધ છે કે જે શરીરનો વસ્તુતઃ ઘાત કર્યા વગર, તેનું સ્મરણ કરનારનો જ નાશ કરે છે.

એ ઔષધ આ શ્રી અરુણાચલ વિના બીજું કોઈ જ નથી એ સૌ જાણી લેજો.

– શ્રી અરુણાચલ દશક.

**‘જ્ઞાનતપના તપસ્વીઓને પોતાની તરફ આકર્ષનાર ગિરિ તે જ આ શ્રી અરુણાચલ છે.’**

ગુહૈ નમઃ શિવાયના શિષ્ય
સંત નમઃ શિવાય રચિત
‘અણ્ણામલૈ વેણ્બા’ માંથી

સાંભળો ! એ શ્રી અરુણાચલ સ્થૂળ જ્ઞાનનો સંહારક છે અને સ્થૂળ ગિરિ રૂપે ઊભો છે તેની ક્રિયા માનવબુદ્ધિથી ન સમજાય એવી ગૂઢ છે.

જયારે તેણે મારું મન નિશ્ચલ કરીને મને પોતાની પ્રત્યે આકર્ષ્યો અને હું તેની સમીપ પહોંચ્યો ત્યારે મેં તેને નિશ્ચલ ઉભેલો જોયો.

મને જ્ઞાન થયું કે શ્રી અરુણાચલ એટલે પરમ નિશ્ચલતા.

–ભગવાન શ્રી રમણ મહર્ષિ કૃત
શ્રી અરુણાચલ અષ્ટકમાંથી.

પ્રાચીન સમયમાં તું પોતે પણ દક્ષિણામૂર્તિ રૂપે આ વિષય મૌનથી જ સમજાવતો હતો, તો અત્યારે શબ્દો દ્વારા એ કોણ સમજાવી શકે?

તારી પરમ ઉત્કૃષ્ટ દશા મૌન દ્વારા સમજાવવા માટે, આકાશથી ધરા પર્યન્ત પ્રકાશી રહેલા ગિરિ તરીકે તું ઊભા છે

– શ્રી અરુણાચલ અષ્ટક

તું અદ્વિતીય હોવા છતાં મણિઓની માળામાં પરોવેલા દોરાની જેમ સર્વ ભૂતમાત્ર અને ધર્મોમાં વિવિધ રૂપે વિલસી રહ્યો છે. પોતાનું સત્-ચિત્ સ્વરૂપ સમજાવવા માટે તું વિવિધ નામે અને રૂપે ભિન્ન ભિન્ન ધર્મોમાં વસે છે, છતાયે મનુષ્યો તને ન ઓળખી શકે તો ખરેખર સૂર્યને નહિ ઓળખનારા અંધ જેવા છે.

– શ્રી અરુણાચલ અષ્ટક

તું સ્વયં એકમાત્ર સત્ છે. અને સ્વયં જ્યોતિ હૃદય રૂપે સદા જાગ્રત છે ! તારી ગૂઢ શક્તિમાંથી ગુપ્ત, સૂક્ષ્મ અને અંધકારપૂર્ણ ધુમ્મસ ફેલાવનારી મનરૂપી ભૂતાવળ સ્ફૂરે છે. તારી ચૈતન્ય જ્યોતિના પ્રતિબિંબિત પ્રકાશ વડે એ ધુમ્મસ, પ્રારબ્ધનાં વમળમાં ચકરાવો લેતા વિચારો રૂપે અંતરમાં દેખાય છે. પછી તે સૂક્ષ્મ લોક રૂપે વિકાસ પામી, સ્થૂળ જગત રૂપે બહાર વિસ્તરે છે. આ ઘન પદાર્થો બહિર્ગત વાસનાઓ દ્વારા મોટું રૂપ ધરી સિનેમાંનાં પડદા પરના ચિત્રોની જેમ જીવંત ભાસે છે. હે કૃપાગિરિ ! એ બધા પદાર્થો દૃશ્ય હોય કે અદ્રશ્ય, તારા વિના તેઓ શૂન્યવત્ જ છે.

- શ્રી અરુણાચલ અષ્ટક

જો અહં વિચાર ન હોય તો બીજો કોઈ વિચાર જ ન ઊઠે. 'હું'નું મૂળ શું છે ? એવું અનુસંધાન જે ઝીણવટથી કરે છે અને અંતર્ગત થઇ હૃદયની અંદરના મનનાં અધિષ્ઠાન સુધી પહોંચી તે ત્યાં જગન્નાથ બની જાય છે.

કરૂણાસિંધુ શ્રી અરુણાચલ ! હૃદયરૂપી પટાંગણમાં તું નિશ્ચલ નૃત્ય કરી રહ્યો છે ! ત્યાં અંદર અને બહાર સત્ય અને અસત્ય, જન્મ અને મરણ, સુખ અને દુઃખ અથવા પ્રકાશ અને અંધકાર જેવા દ્વંદ્વોનું સ્વપ્ન લગારેય નથી.

– શ્રી અરુણાચલ અષ્ટક

સમુદ્રમાંથી પાણી વાદળા રૂપે ઊચેં ચડે છે. પછી વરસાદ રૂપે નીચે પડે છે, અને ઝરણાં રૂપે ફરી સમુદ્રમાં જઇ ભળી જાય છે. પોતાના મૂળ સ્થાન પર પાછા ફરતા એને કોઈ અટકાવી શકતું નથી.

ખરેખર તે જ પ્રમાણે સૌને સ્વસ્થાને પાછા ફરવું પડે છે અને જ્યારે જીવ પોતાના મૂળ સ્થાને પહોંચે છે ત્યારે હે શ્રી અરુણાચલ ! તે તારા આનંદ સાગરમાં ડૂબી જઇ, તારા સ્વરૂપમાં વિલીન થઇ જાય છે.

– શ્રી અરુણાચલ અષ્ટક

હૃદયગુફામાં ‘અહં અહં’ રૂપી સાક્ષાત્ આત્મા તરીકે કેવળ બ્રહ્મ જ ચમકી રહ્યું છે. તેનો સાક્ષાત્કાર કરવા માટે એકાગ્ર ચિત્ત કરી, અંતરના અન્વેષણ દ્વારા, ઊંડા નિમજ્જન દ્વારા અથવા પ્રાણના નિરોધ દ્વારા હૃદયમાં પ્રવેશ કર અને આત્મનિષ્ઠ થઈ જા.

– શ્રી રમણ ગીતા

## શ્રી અરુણાચલ
## અરૂણ(જ્યોતિ) + અચલ(પર્વત)
## = શિવનું તેજોલિંગ.

વ્યક્તિ પરત્વે શ્રી અરુણાચલનું મહત્વ એ છે કે જયારે વ્યક્તિ દેહભાવથી પર થાય છે ત્યારે અંતર-આત્મા શુદ્ધ અને સ્પષ્ટ રૂપે ચમકવા લાગે છે.

અકસ્માત જેવી ઘટનાઓથી આવેલા દેહભાવનો નાશ અંધકાર લાવે છે. જયારે આત્મસાક્ષાત્કારના ધ્યેયથી સ્વેચ્છાએ આણેલો દેહભાવનો નાશ, માત્ર ભગવાનની કૃપા વડે આત્મજયોતિ પ્રાપ્ત કરાવે છે, જે જીવત્વનો નાશ કરે છે. ઈશ્વરની સંપૂર્ણ શરણાગતિ, પરમાત્મા નિત્ય છે, નિત્યતાની ભાવના એટલે જ આનંદ અમૃત.

જેમ કાદવનું કમળ સૂર્યોદય થતા ખીલે છે તેમ મલીન મન વચ્ચે રહેલું હૃદય, સર્વ આત્મારૂપી શ્રી અરુણગિરિ ભગવાનની કૃપાથી પ્રકાશમાન થાય છે અહીં સુર્યાસ્ત નથી, આવા આત્માનું હૃદય હંમેશાને માટે વિકસિત રહે છે.

હે શ્રી અરુણાચલ ! તારામાં વિશ્વરૂપી ચિત્રની ઉત્પતિ, સ્થિતિ અને લય થાય છે. આ વિશ્વ વ્યક્તિગત ચૈતન્યના વિસ્તૃત પ્રકાશમાં મનરૂપી પટ ઉપર મૂળ શક્તિ દ્વારા આલેખાયેલા ચિત્ર જેવું છે.

જ્ઞાનીઓ કહે છે જ્યારે અહંભાવનું મૂળ શોધી કાઢવામાં આવે ત્યારે હૃદયમાંથી જેનું સ્પંદન થતું દેખાય છે તે જ સાચું આત્મસ્વરૂપ છે.

તું જ અંતર આત્મા, હૃદય અંદર 'હું' રૂપે નાચી રહ્યો છે.

હે નાથ! તારું જ નામ હૃદય છે.

જેણે પોતાનું મન તને સમર્પણ કર્યું છે અને જે તારા સ્વરૂપના દર્શનમાં સદા વિશ્વરૂપનું દર્શન કરે છે અને જે સદા તારું ભજન અનન્ય પ્રીતે કર્યા કરે છે તે હે શ્રી અરુણાચલ ! તારી જોડે ઐક્ય સાધી અને તારા આનંદ સ્વરૂપમાં મગ્ન થઇ પરમ સિદ્ધ બને છે.

– શ્રી અરુણાચલ પંચરત્ન.

ભગવાન શ્રી રમણ મહર્ષિ ગુરૂ 'શ્રી અરુણાચલને' પ્રાર્થના કરે છે કે...

દુઃખમય સંસાર જીવનના તાપમાંથી ઉગારવા શ્રી અરુણાચલે મને તેની પોતાની જે અવસ્થા છે તે આપી છે.

હે શ્રી અરુણાચલ ! તું મારા મનમાં પ્રવેશ્યો, મારી દોરવણી કરી અને મને તારી પોતાની અવસ્થા સ્થિતિએ પ્રસ્થાપિત કરી સ્થાપ્યો.

– શ્રી અરુણાચલ નવમમણીમાલા્

વિરૂપાક્ષ ગુફામાં વાસ કરનાર, અચલ મૂર્તિરૂપે વિરાજનાર, તેજસ્વી નયનોવાળા, પૂર્ણ, અચલ તાંડવ રચનાર, ગંભીર, પરમાચાર્ય, સુપ્રસન્ન, અભયદાન દેનાર, દક્ષિણામૂર્તિ પ્રભુ, ધીર, દક્ષિણભણી મુખવાળા આત્મનાથ શ્રી અરુણાચલ રમણ દેવને નમસ્કાર હો.

‘બ્રહ્મા અને વિષ્ણુ’ વચ્ચે લડાઈમાં તેઓના અહમ્‌ને જીતવા માટે તેમની સમક્ષ અન્નામલાઈ શ્રી અરુણાચલ પ્રગટ્યા. કારણ કે તેઓ બંનેએ જાણ્યું કે તેઓ શ્રી અરુણાચલના બે છેડા શિખર અને ભૂમિતલે પહોંચવા અસમર્થ હતા; આનો સાચો મર્મ એ છે કે ...

બુદ્ધિ અને અહંકાર વચ્ચે તેઓને વશ કરવા માટે તેમની સમક્ષ સર્વનું કેન્દ્ર એવું હૃદય, સત્ય આત્મા રૂપ ઝળહળે છે. જ્યારે બુદ્ધિ અને અહંકારને તેઓ જેમ છે તેમ જાણવાની સામર્થ્યહીનતા સમજાય જાય છે, ત્યારે બુદ્ધિ અને અહંકાર વિલાપ સાથે કાગારોળ મચાવીને અંતે શાંત પડી જાય છે.

શ્રી રમણ ભક્ત મુરૂગનારે તા.૨૪/૧૧/૩૧,
દિપમ્ દર્શન દિવસે ઉપરોક્ત પદ રચ્યું
અને ભગવાનને આપ્યું.

જે વિશ્વનું કેન્દ્ર છે એ શ્રી અરુણાચલ ઉપરની જ્યોતિ, અગ્નિશિખાના દર્શન કરવાનો સાચો મર્મ એ છે કે સ્વયં પ્રત્યે ધ્યાન દઈ, મનને હૃદયની ભીતર સ્થિર કરીને 'હું માત્ર દેહ છું' એ ખ્યાલને ત્યજવાનો છે.

આત્મબોધ દ્વારા મનને હૃદયમાં કેન્દ્રિત કરી અદ્વૈતના પરમ સત્યને પ્રાપ્ત કરવાનો માર્ગ, એ મહર્ષિના ઉપદેશનો સંક્ષિપ્ત અને સુંદર સારાંશ છે.

બધા પાવન ધામોમાં  શ્રી અરુણાચલ સૌથી ઉત્તમ, અત્યંત મહત્વશીલ પવિત્ર સ્થળ છે. યથાર્થપણે જાણો કે તે વિશ્વનું હૃદય છે. તે ખરેખર 'શિવ' છે. હૃદય એ તેનું ખાનગી ગુપ્ત નિવાસ સ્થાન છે.

શ્રી અરુણાચલ નામની આ જગ્યાએ તેઓ, સ્વયં પ્રભુ નિત્ય ચીર સ્થાયી રીતે પ્રકાશની ટેકરી પર કાયમી વસવાટ કરે છે.

- ભગવાન શ્રી રમણ મહર્ષિ

(પદ્ય રચનાઃ તા.૦૨/૦૨/૧૯૨૭)

‘‘પ્રાચીન કાળમાં જ્યારે શિવે શ્રી અરુણાચલનું અસલી, મહાન અને અદ્‌ભુત લિંગ કે જે પ્રકાશના ગોળાકાર સ્તંભ સ્વરૂપે ધારણ કરેલું તે દિવસ માગશર માસમાં હરણી નક્ષત્ર સાથે ચંદ્ર જોડાયેલો હોય તેવી સ્થિતિનો હતો.’’ (ડિસેમ્બર–જાન્યુઆરી)

વિષ્ણુ અને અન્ય દેવોએ તેજોમય શ્રી અરુણાચલની સ્તુતિ અને પૂજન કર્યા તે દિવસ શિવરાત્રીનો હતો. (ફેબ્રુઆરી–માર્ચ)

જોગાનુજોગ ભગવાન શ્રી રમણ મહર્ષિએ આ પ્રશસ્તિ કાવ્યાંશની રચના તા. ૨૪-૦૨-૧૯૪૧ શિવરાત્રીના રોજ કરેલી. વળી, અહીં રસપ્રદ નોંધનીય બાબત એ છે કે ભગવાનનો જન્મ પણ માગશર માસમાં અરીદ્રાના પવિત્ર દિવસે થયો હતો, જ્યારે સ્વયં શિવે શ્રી અરુણાચલના મૂળ લિંગનું સ્વરૂપ ધારણ કર્યું હતું.

શિવે કહ્યુઃ જો કે પ્રારંભમાં હું દાહક આગના સ્વરૂપે હતો. સંસાર સૃષ્ટિના સંરક્ષણ અને જતન કાજે, મારી મહેરબાનીને કારણે, હવે મારા બાકી રહેલા અવશેષો આ વરદાનરૂપ પીડાશામક કેળવાયેલા પ્રકાશની ટેકરી 'શ્રી અરુણાચલ' રૂપે છે.

તદુપરાંત, હું અહીં સદા પર્વત શિખરે વટવૃક્ષ નીચે સિદ્ધ પુરુષ અરૂણગિરિ યોગી રૂપે વસુ છું. તમે એ જાણજો કે મારી અંદર સંખ્યાબંધ આંનદની ગુફાઓ, કોતરો ઝળકે છે.

- શ્રી રમણ દેવ

(પદ્યરચના તા. ૧૪/૦૩/૧૯૨૭)

શ્રી અરુણાચલ મહાત્મયનો ઉલ્લેખ કરતા દેવરાજ મુદલિયર નામના ભક્તે ભગવાન સાથે ચર્ચા કરેલી. ત્યારે ભગવાને કહેલું :

અલબત, શ્રી અરુણાચલ ટેકરીની અંદર ગુફા છે, અને એ ભોંયરાની અંદર ત્યાં બધા આનંદ પ્રમોદ છે.

ભક્તે પૂછ્યું, કે મેં ક્યાંક વાંચ્યું છે કે આ જગ્યાને ભોગક્ષેત્ર કહેવામાં આવે છે, મને નવાઈ લાગે છે કે આનો અર્થ શો ?

ભગવાને કહ્યુંઃ હા, તે સાત્વિક આનંદના ભોગની જગ્યા કહેવાય છે. એ દેખીતું છે કે, જો આ ક્ષેત્ર પોતે મુક્તિ આપી શકતું હોય તો એમાં શી નવાઈ કે તે વ્યક્તિને આનંદ પ્રમોદના ઈચ્છિત ફળ આપે.

તા. ૦૬/૧૨/૪૫.
ભગવાન સાથે દિન–પ્રતિદિન.

કર્મનો સ્વભાવ સંસારથી બંધનનો છે. અનૈતિક કૃત્યો ઋણ બંધનો છે. શ્રી અરુણાચલ એ દેદીપ્યમાન ટેકરી છે જે બંધનનો નાશ કરે છે. શરણાગતના ફક્ત તેને જોવાથી તે પાપકર્મોથી મુક્ત થઇ જાય છે. અત્રે કર્મો એટલે મન, વચન અને કાયાના દોષો સાથે અહમ્નું ઉદ્ભવસ્થાન પણ સૂચવે છે.

અહમ્નું ઉત્પતિકેન્દ્ર એ બંધનનું મૂળ છે. આશ્રિત ભક્તના જોવા કે વિચારવાથી તેના અહમ્નો મૂળથી નિકંદન કરે છે તેથી આ ટેકરી 'અ-ઋણ-અચલમ્' કહેવાય છે.

આ ટેકરી અચલ છે કે જે ઋણની કેદમાંથી મુક્તિ આપે છે. જે લોકો સ્વયંના અહમ્ નિષ્પન્ન કૃત્યોથી આઝાદી ઝંખે છે, તેના સ્મરણમાત્રથી દુન્યવી પાપના ઘાતકી ઢગલા આ ડુંગર દૂર કરે છે. રક્ષિતના શ્રી અરુણાચલ દર્શનથી કર્મની ગુલામીનું અસ્તિત્વ રહેતું નથી.

આમ ઋણથી મુક્તિ આપનાર આ શ્રી અરુણાચલ છે.

દેવીએ કહ્યું :

આ પાવનધામ સદાને માટે પ્રામાણિક સદાચારી માણસો અને સમર્પિત ભક્તો માટેનું રહેઠાણ છે. અન્યને હાની પહોંચાડવાનો ઈરાદો રાખનાર લોકો અનેક રોગોથી વ્યથિત થઇ નાશ પામશે અને અધમ દુરાચારી શક્તિનું પળવારમાં જ નામોનિશાન નહિ રહે.

આથી જે અગ્નિની પહાડીનું રૂપ ધરાવે છે તે શ્રી અરુણાચલ પ્રભુના ઉગ્ર ક્રોધની હિંસક અગ્નિમાં પડતા નહીં !!!

તિરૂવન્નામલાઈમાં જયારે દૈત્ય મહિષાસુર માતા પાર્વતીની વિરૂદ્ધ યુદ્ધ કરવાની તૈયારી કરતો હતો, ત્યારે દેવીએ આપેલી ચેતવણી દર્શાવતું આ પદ્ય ભગવાને તા. ૧૮/૦૩/૧૯૩૮ માં રચેલું.

શ્રી અરુણાચલમાં દરેક પત્થર શિવલિંગ છે. કંકર એ શંકર છે. તે વાસ્તવમાં શિવનું આવાસ છે. દરેક વૃક્ષો ઇન્દ્રના સ્વર્ગના કલ્પવૃક્ષો છે. તેનું ખળખળ વહેતું પાણી જટાધારી શિવમાંથી વહેતી ગંગા છે. ત્યાં લીધેલું ભોજન એ દેવોની અમૃત પ્રસાદી છે. જ્યારે માણસો તે જગ્યા નજીક પહોંચે છે ત્યારે પૃથ્વી તેની આસપાસ પ્રદક્ષિણા કરે છે. ત્યાં બોલાયેલા શબ્દો દિવ્ય ધર્મશાસ્ત્રો છે અને ત્યાં લીધેલી ઊંઘ એ સમાધિની તન્મયતા છે.

**મનની ભ્રામકતાની પાર શ્રી અરુણાચલ જેવી તેની બરાબરી કરી શકે એવી, અન્ય કોઈ જગ્યા હોઈ શકે ખરી?**

– શ્રી અરુણાચલ પુરાણ

શિવે પોતાનું સ્તબ્ધ પમાડે તેવું તેજસ્વી સ્વરૂપ ગુપ્ત રાખ્યું અને પોતાની જાતને શ્રી અરુણાચલની પહાડી રૂપે પ્રગટ કરી... અને જાહેર કર્યુ :

જે રીતે ચંદ્ર પોતાનો પ્રકાશ સૂર્યમાંથી મેળવે છે, તે રીતે બીજા પવિત્ર તીર્થસ્થાનો તેઓની સાધુતા શ્રી અરુણાચલમાંથી મેળવશે. ફક્ત આ એક જ જગ્યાએ, જે લોકો મારું પૂજન અર્ચન અને રોશની મેળવવા ઈચ્છે છે તેના લાભાર્થે મેં મારું આ શ્રી અરુણાચલ રૂપ ધારણ કર્યું છે.

મહાદેવ શિવે કહ્યું : શ્રી અરુણાચલ પોતે જ 'ૐ' છે. હું દર વર્ષે કાર્તિક માસમાં ટેકરીની ટોચ પર દીપસ્તંભ પર શાંતિદાયી જ્યોતિ સ્વરૂપે હાજર હોઈશ.

આ બાબત ફક્ત શ્રી અરુણાચલની પવિત્રતા જ નિર્દેશ કરતી નથી, પણ તેની સાથે અદ્વૈતના સિદ્ધાંત બોધની સર્વશ્રેષ્ઠતા રજુ કરે છે. આત્મ ખોજનો માર્ગ, કે શ્રી અરુણાચલ જેનું વડું મથક છે તેનો ઉલ્લેખ કરે છે.

એવું કહેવાય છે કે, 'જેને શિવ બોલાવે છે તેઓ જ ફક્ત અહીં આવી શકે છે.'

શ્રી અરુણાચલના વજૂદની કોઈ અતિશયોક્તિ નથી. જેમ જેમ તમે તેની નજીક આવો છો, તેમ તેમ તેની હાજરી અનુભવી શકાય છે. બાહ્ય દુન્યવી કુતૂહલ મંદ થાય છે અને જે વસ્તુઓ તમારા સંબંધિત ચિંતાજનક વર્તાય તેઓની ક્રિયાશક્તિ ઢીલી પડતી દેખાય છે.

શ્રી અરુણાચલને છોડી દૂર જતા માનસિક વિચાર ફરી સક્રિય થાય છે. પણ કોઈક રીતે સાંસારિક પ્રલોભનોની હાવી થવાની શક્તિ ઓછી થતી જાય છે.

આ શ્રી અરુણાચલનો જાદુ છે. તે જેને બોલાવે છે તેને કદી પણ છોડતો નથી.

પર્વત ફરતે ધીમે ધીમે ચાલતા, મનને તેમાં સ્થિર રાખી, શરણાગતિના ભાવ સાથે પરિક્રમા કરવી એ બીજી બધી ચીજો કરતા સૌથી વધુ લાભકર્તા છે. ભગવાને આને સમર્થન સાથે બહાલી આપી છે.

બ્રહ્માજી કહે છેઃ

મારા દ્વારા કે વિષ્ણુ દ્વારા આ પર્વતની મહત્તાને સહસ્ત્ર કરોડો વર્ષોના ગાળામાં પણ શબ્દથી વર્ણવી શકાય તેમ નથી.

સ્કંદપુરાણ કહે છે કે, પહેલુ સ્વયંભૂ લિંગ શ્રી અરુણાચલમાં પ્રગટ થયેલું.

કરોડો જીભો દ્વારા પણ શ્રી અરુણાચલ મહિમા વર્ણવી ન શકાય કે કઈ રીતે એ સર્વોચ્ચ સત્તાએ અનુરાગપૂર્વક આ પાવન શ્રી અરુણાચલનું રૂપ ધારણ કર્યુ. કરોડો બ્રહ્મા પણ એક સાથે મળીને શ્રી અરુણાચલ મહિમા ન વર્ણવી શકે. પૂર્વકાળથી જ શ્રી અરુણાચલનાં આ રૂપની પૂજા બ્રહ્મા, વિષ્ણુ સોમ, સૂર્ય, અગ્નિ, ઇન્દ્ર, દિક્પાલ, યક્ષ, ગંધર્વ, દેવ, સિદ્ધ, ઋષિ વગરે પાપોના નાશ તેમજ પોતાની ઇચ્છાની પૂતિ માટે કરતાં રહ્યાં છે.

જય શ્રી અરુણાચલ...!!!

શ્રી અરુણાચલ ઈશ્વરે માનવરૂપ ધારણ કરી એક વૃદ્ધ અપંગ લંગડા ભક્તની ચાલવાની ઘોડી ફેંકી દીધી. ખોડખાંપણ હોવા છતાં તે ભક્ત વર્ષોથી પરિક્રમા કરતો. ગોળાકાર માર્ગે વચ્ચે સોના તીર્થ પાણીની ટાંકી કે જે શ્રી રમણ આશ્રમથી ૧.૫ માઈલ (૨.૪ કિ.મી.) દૂર છે ત્યાં આવ્યો તો જોયું કે તેનું પાંગળું શરીર સંપૂર્ણ થઇ ગયું છે.

– શ્રી અરુણાચલ સ્થળપુરાણ

શ્રી અરુણાચલ પર્વતની પરિક્રમા ટાણે મૌન રહેવું જોઈએ. અથવા નામ જપ, ધ્યાન કે સંકીર્તન કરવું જોઈએ. કોઈપણ રીતે પૂરો સમય પ્રભુના વિચારમાં વિતાવવો જોઈએ. નવ માસની સગર્ભા સ્ત્રીની માફક સાવ ધીમે ધીમે ચાલવું જોઈએ. ચાલતા ચાલતા કાંકરા વાગવાથી પગમાં છાલાં પડે એ દેવોના મુગટમાં હિરા બને છે.

પગના ઘાવમાંથી નીકળતું લોહી દેવેન્દ્રનાં મસ્તકનું તિલક બની જાય છે પરિક્રમામાં પગનું રક્ત લક્ષ્મીજીના શરીરથી નીકળેલા કંકુ જેવું હોય છે.

શ્રી અરુણાચલ મહાગિરિ પર એક પણ જગ્યા એવી નથી કે જેના પર મારો પગ ન પડ્યો હોય. આ પર્વત પર અગણિત આયુર્વેદિક છોડ છે. કેટલીક જગ્યાએ પાણીના ધોધ છે. એટલે જ કહેવાય છે કે આ પર્વત સિદ્ધોનું સ્થાન છે. મને જોવાની ઈચ્છાથી સિદ્ધપુરુષો અવનવા રૂપ ધરીને આવતા-જતા હોય છે. પ્રદક્ષિણા વખતે સિદ્ધોનાં સમૂહનો શાંતિભંગ કરવો તે યોગ્ય નથી.

- મહાગુરૂશ્રી રમણ મહર્ષિ

શ્રી અરુણાચલ પરની ગુફાઓ પૈકી વિરુપાક્ષ ગુફા ઘણી જ જાણીતી છે. ૐકાર આકારની આ ગુફામાં ૐકારનો ધ્વનિ સંભળાય છે. શ્રી રમણ મહર્ષિ ૧૭ વર્ષ ત્યાં રહેલા.

તેમણે લખ્યું છેઃ ત્રણ નેત્રો વાળા શિવના વ્યક્ત સ્વરૂપ જેવા, નિરાકાર, અવિનાશી સત્તા શ્રી અરુણાચલ પર્વત રૂપે પ્રગટ થઇ છે. એ પરમેશ્વરની હૃદયગુહામાં વસતા ભક્તોને આ વિરુપાક્ષ ગુફા કાળજીપૂર્વક જાળવે છે, તેથી આપણે એને **'માં'** કહી શકીએ.

શ્રી રમણ મહર્ષિએ બ્રિટીશ પત્રકાર પોલ બ્રન્ટનને કહેલું કે શ્રી અરુણાચલ પોલાણવાળો છે. ધ્યાન દરમ્યાન એમાં ગુફાઓ, ગલીઓ, નગરો અને અને સંપૂર્ણ વિશ્વનું દર્શન થાય છે. જેમ ઈજિપ્તનાં પિરામીડનું રહસ્ય આત્માનું રહસ્ય છે તેમ શ્રી અરુણાચલ પર્વત આત્માનું રહસ્ય છે.

શ્રી અરુણાચલ અસામાન્ય આધ્યાત્મિક પર્વત છે. પ્રભુ પ્રાપ્તિ ઈચ્છનારને પૂનમે પ્રદક્ષિણા દ્વારા અકથિત લાભ થાય છે.

પૃથ્વીના પેટાળમાં બધે પાણી છે, પરંતુ કેટલીક જગ્યાએ પાણી સહેલાઈથી મેળવી શકાય છે. તેની જેમ જ આત્મા પરમાત્મા સર્વત્ર છે. તેના વિનાની કોઈ જગ્યા નથી. સાથે સાથે એ પણ સત્ય છે કે કેટલીક ચોક્કસ જગ્યાએ, કેટલાક મુનિજનો આસપાસ આત્માની હાજરી વધુ સુગમતાથી અનુભવી શકાય છે.

- અન્નામલાઈ સ્વામિ

કૈલાશ, કાશી, ચિદંબરમ્ કે ઋષિકેશ એ શિવના નિવાસ સ્થાનો છે પરંતુ શ્રી અરુણાચલ એ ભગવાન શિવ પોતે જ છે. શ્રી અરુણાચલ જ્ઞાન પ્રદાન કરે છે. મોટે ભાગે માણસોને ઘણી બધી બીજી ઇચ્છાઓ હોય છે, તેઓ વાસ્તવમાં જ્ઞાન ઇચ્છતા નથી.

અન્ય તીર્થોની સરખામણીમાં શ્રી અરુણાચલ સદાયે ઓછુ જાણીતુ રહ્યું છે. પણ જે થોડા સાધકો પરમ જ્ઞાનને શોધે છે, તેમને શ્રી અરુણાચલ એક યા બીજી રીતે પોતાની ઓળખાણ કરાવી દે છે.

જ્યારે બ્રહ્મા અને વિષ્ણુ પોતાના અહમ્ કાજે ઝઘડ્યા ત્યારે શિવનું અગ્નિરૂપે પ્રાગટ્ય થયું. સત્ય જ્ઞાન દ્વારા તેઓના અહમ્‌ને દૂર કર્યો. જ્યારે શક્તિ સ્વરૂપા દેવી પાર્વતીએ અદ્વિતીય અવસ્થા પ્રાપ્ત કરવાની ઈચ્છા દર્શાવી ત્યારે શિવે તેને શ્રી અરુણાચલ મોકલ્યા. ત્યાં તેઓએ શ્રી અરુણાચલમાં લીન થઈ અંતરંગ એકતા અનુભવી. આમ બ્રહ્મા, વિષ્ણુ, માં પાર્વતીના અરુણાચલ ગુરૂ હતા.

વળી ગૌતમ ઋષિ, સંત વિરૂપાક્ષ દેવ, ગુહૈ નમઃ શિવાય, ગુરૂ નમઃ શિવાય, શેષાદ્રી સ્વામિ, શ્રી રમણ મહર્ષિ, યોગી રામ સુરત કુમાર જેવા અસાધારણ મહામાનવનાં સદ્‌ગુરૂ છે.

મહાન શિવભક્ત ઋષિ શ્રી જ્ઞાન સંબધરે શ્રી અરુણાચલને ભારે ઘટ્ટ જ્ઞાનનાં જથ્થાનાં ઢગલા તરીકે વર્ણવ્યા છે.

ભગવાન શ્રી રમણ મહર્ષિએ કહ્યું છે કે શ્રી અરુણાચલમાં શક્તિનો અખૂટ ભંડાર છે. અહીં આપણે જેટલી ઇચ્છીએ એટલી ઊર્જા મેળવી શકીએ. ગમે તેટલી લેવા છતા શક્તિનો મૂળ જથ્થો કદી ઓછો થતો નથી.

ભગવાનની પહેલા પણ અનેક મહાત્માઓ શ્રી અરુણાચલની દિવ્યતાથી મુક્ત થયેલા.

શ્રી અરુણગિરિનાથની ૧૪ કિ.મી. ની પ્રદક્ષિણા આ રીતે અર્થ સભર છે.

પ્ર = દરેક પ્રકારના પાપો નો નાશ

દ = ઈચ્છાઓની પરિપૂર્તિ

ક્ષિ = ભવિષ્યના જન્મોમાંથી મુક્તિ, કર્મના પ્રભાવ નો નાશ

ણા = જ્ઞાન દ્વારા મોક્ષ પ્રાપ્તિ

આમ, પ્રદક્ષિણા આખરે આત્મપ્રદક્ષિણા છે. પ્રથમ પગલે સંસાર સુખ (ભૂ લોક), બીજા પગલે સ્વર્ગનું સુખ (ભુવઃ લોક) અને ત્રીજે પગલે સત્ય લોકનો આનંદ (સ્વઃ લોક) ગિરિવલમ્થી થાય છે.

પ્રથમ ચરણથી માનસિક પાપ, દ્વિતીય ચરણ થી વાણીના પાપ, તૃતીય ચરણથી શરીર દ્વારા કરેલા બધા પાપો નાશ પામે છે.

શ્રી અરુણાચલની પરિક્રમા કરતી વખતે તેમાંથી ઉદભવતા આલ્ફા તરંગો, આપણા મસ્તકનાં બીટા તરંગોને અત્યંત શાંત કરી ને ધ્યાનસ્થ અવસ્થા લાવી દે છે.

સોનાચલ(અરુણાચલ)ની પરિક્રમા માત્રથી વ્યક્તિ બધા શાસ્ત્રોનું અદ્યયન તથા સર્વધર્મોનાં પાલનનું પુણ્ય સહેલાઇથી મેળવી લે છે. પરિક્રમાના પહેલે ડગલે પૂર્વજન્મનાં પાપો નાશ પામે છે. વળી, અસંખ્ય વાજપેય યજ્ઞો, હજારો અશ્વોની બલિ અને સર્વતીર્થોમાં સ્નાનનું પુણ્ય આના થકી મળે છે.

અત્રે એક દિવસનો ઉપવાસ સો ચાન્દ્રાયણ વ્રતપૂર્તિ સમાન છે. અત્રે કરેલું મહાદાન અન્ય સ્થાનોમાં કરેલા દાનની સરખામણીએ ૧૬ગણું અધિક ફળદાયી છે.

અહીં કરેલા ધાર્મિક કર્યો ગંગાજીનાં કિનારે પ્રયાગ કે કાશી, ગયા, પુષ્કર તથા સેતુબંધ તીર્થમાં કરેલા અનુષ્ઠાનોથી અધિક પુણ્યદાયી હોય છે. અરુણક્ષેત્રની પાસે કરેલા શાસ્ત્રોક્ત ૧૬ પ્રકાર ના દાન બે ગણું ફળ આપે છે.

– સ્કંદપુરાણ, માહેશ્વર ખંડ,
શ્રી અરુણાચલ માહાત્મ્ય

શ્રી અરુણાચલ રમણ બધા જ જીવોનાં હૃદયમાં ચેતના રૂપે રહેલ પરમાત્મા પોતે જ છે. એ પરબ્રહ્મ છે. જ્ઞાનચક્ષુ ખોલીને જો સત્યનું દર્શન કરશો તો એની પ્રતીતિ થશે.

ભૌતિક રીતે જોતાં શ્રી અરુણાચલ પર્વત શિલાખંડોનાં જડ સમૂહ જેવો જણાતો હોવા છતાં પરમાત્માની પરમ ચેતનાનું પ્રતિનિધિત્વ કરે છે.

શ્રી અરુણાચલમાં શિવની અદ્ભુત લીલાથી પર્વત પુત્રી માં પાર્વતીનું શરીર તપથી શિવમાં વિલીન થઇ ને ડાબા ભાગમાં **અર્ધનારીશ્વર**ના રૂપમાં પ્રગટ થયેલું.

દેવી ગૌરીના અંશથી ઉત્પન્ન થયેલી મહિષાસુર મર્દિની દુર્ગા દેવી અહીં વસીને સિદ્ધિ પ્રદાન કરે છે. માં ને દીક્ષા આપનાર ગૌતમ ઋષિ વંદનીય છે. અરુણ શિવ અને અરુણા પાર્વતીનું આ મહાતીર્થ ધન્ય છે.

શ્રી અરુણાચલ પર્વતની તીવ્ર આકર્ષણ શક્તિ સાધકને તેના આત્મકેન્દ્રમાં બાંધી રાખે છે. અન્ય સ્થાનો પર જે અવસ્થાની પ્રાપ્તિ કરવામાં વર્ષો લાગે છે, તે ઉચ્ચ સ્થિતિ અહીં સહજ જ પ્રાપ્ત થઇ જાય છે. ધ્યાનની પરાકાષ્ઠા સમાધિ માટે અત્રે વધુ પરિશ્રમ કરવો પડતો નથી. શિવ સ્વરૂપ શ્રી અરુણાચલનાં અનુગ્રહથી તે આસાનીથી ઉપલબ્ધ થઈ જાય છે. સાધના માર્ગ પર અહીં કોઈ અન્ય ગુરુ કે તેની દીક્ષાની આવશ્યકતા રહેતી નથી. માત્ર શ્રી અરુણાચલનો આધાર જ પર્યાપ્ત છે. તે સ્વયં ગુરુ, પરમાત્મા અને આત્મા છે. સર્વોચ્ચા સત્તાનું આ અદ્વૈત સ્વરૂપ શ્રી અરુણાચલમાં અનુભવાય છે. આ બોધ જ મુક્તિ છે તથા આ જ નિર્વાણ છે.

હિમાલય પાંચ કરોડ વર્ષ જુનો છે. જ્યારે શ્રી અરુણાચલ પર્વત આર્ય યુગથી પણ પૂર્વેનો લગભગ ૨.૫ અબજ વર્ષ પ્રાચીન છે. અગ્નિકૃત ખડકની આ સંરચનાને દીર્ઘકાલીન તીવ્ર ભૂકંપના પરિવર્તનોનો સામનો કરવો પડ્યો નથી. આ બાબતો ભૂગર્ભ વૈજ્ઞાનિકો દ્વારા સિદ્ધ થયેલી છે.

પુરાણો કહે છે કે આ પર્વત પૃથ્વીનો સૌથી પ્રાચીન, હિમાલયથી પણ પુરાણો છે. શ્રી અરુણાચલ પૃથ્વીનાં આધ્યાત્મિક કેન્દ્રનું શિવ રૂપ ઉત્તર ધ્રુવીય બિંદુ છે. એનાથી વિપરીત સ્થાન, જે પેરૂનાં સમુદ્રતટથી દૂર પ્રશાંત મહાસાગરમાં સમુદ્રતલથી હજારો મીટરની ઊંડાઈએ પડે છે ત્યાં પાંચ શિખરવાળો એક પર્વત સ્થિત છે. આ આધ્યાત્મિક કેન્દ્રના દક્ષિણ ધ્રુવીય બિંદુને આપણે શક્તિરૂપ '**કરુણાચલ**' કહી શકીએ.

ભગવાન શ્રી રમણ મહર્ષિને શ્રી અરુણાચલના રહસ્યમય પ્રતિરૂપ (એન્ટીપોડ) કરૂણાચલનાં પૃથ્વી પર હોવા અંગે દૃઢ ધારણા હતી.

શ્રી અરુણાચલ પહોંચનારા અન્ય કોઈ ઉપલબ્ધિની કોઈ ચિંતા કરતી નથી. ચંદ્રશેખર શિવજી પણ અહીં નિવાસ કરતા કૈલાશની ચિંતા કરતા નથી.

દેવ, ગંધર્વ, વિદ્યાધર, યક્ષ, અપ્સરાઓ, સિદ્ધ, બ્રહ્મર્ષિ, બધા અહીં રહેવાની આકાંક્ષા કરે છે. ગંગાજી તથા અન્ય નદીઓ અહીં કૂવા તથા તળાવોમાં રહે છે. ઈન્દ્રનો બાગ, નંદનવન અહીં પર્વતનાં રૂપમાં છે. શ્રી કૃષ્ણનું ગોકુળ અહીંની ગૌશાળાના રૂપમાં તથા (ગોવર્ધન) પર્વત મંદિરનાં સ્તમ્ભોના રૂપમાં છે. સ્મૃતિઓ ધાર્મિક નિર્દેશોના રૂપમાં છે. પ્રેત, પિશાચ, વેતાળ વ્યક્તિઓના રૂપમાં છે.

શ્રી **હરિ** (વિષ્ણુ) તથા સંસારના અન્ય દેવતા અહીં શ્રી **હર** (શ્રી અરુણાચલ)ની પૂજા કરે છે. સદાશિવ શિવજી સ્વયં કૌપીન ધારણ કરીને એક સિદ્ધ પુરુષ શ્રી અરુણગિરિ યોગીનાં રૂપે, મસ્તક પર વિભૂતિ ધારણ કરીને આચાર્યની ભૂમિકા નિભાવતા સદાયે સાધકોને માર્ગદર્શન આપે છે.

– સ્કંદ પુરાણ, માહેશ્વર ખંડ,
શ્રી અરુણાચલ માહાત્મ્ય

સ્વર્ગ અને મોક્ષ માટે, શ્રી અરુણાચલ ક્ષેત્રથી વધીને કોઈ તીર્થ નથી. અરુણ ક્ષેત્રનું સ્મરણ કરવાથી મનને, શ્રવણ કરવાથી બન્ને કાનોને, દર્શન કરવાથી બન્ને આંખને તથા નામ ઉચ્ચારણ કરવાથી જીભને તત્કાલ પવિત્ર કરી દે છે. આ મહાક્ષેત્રમાં જન્મ લેતા જ દેહધારી જીવ જીવતાં જ ભોગ અને મૃત્યુ થતાં મોક્ષ પ્રાપ્ત કરે છે. શ્રી અરુણાચલનું એક વાર દર્શન કેટલાય પ્રકારની તપશ્ચર્યાઓથી પણ વધુ ફળદાયી છે.

અન્ય તીર્થ પર એક લાખ લોકોને ભોજન કરાવવું એ કાશીમાં એક સુપાત્રને ભોજન કરાવવાની બરોબરી કરી શકતું નથી. શ્રી અરુણાચલમાં ફક્ત એક વ્યક્તિને ભોજન કરાવવું એ કાશીમાં એક કરોડ લોકોને ભોજન કરાવ્યાથી પણ ચડિયાતું છે. વળી, આ કૃત્ય પૂર્ણિમાનાં દિવસે કરવામાં આવે તો એ આખું વર્ષ ગરીબોને ભોજન કરાવ્યા સમાન ગણાય.

આથી, દરેકે શ્રી અરુણાચલમાં અન્નદાન અવશ્ય કરવું જોઈએ. એનો લાભ માત્ર પોતાને જ નહીં, પૂર્વજો અને ભાવિ પેઢીઓને પણ મળે છે.

- શ્રી અરુણાચલ (લાલ પહાડી) એ તામીલનાડુનાં તિરુવન્નામલાઈમાં આવેલી પવિત્ર ટેકરી છે.
- આ પર્વત વિશ્વનું સૌથી મોટું શિવ લિંગ છે.
- આ સ્થળ અરુણાચલમ, અરુણગિરિ, સોનાગિરિ, સોનાચલ, શોણગિરિ, શોણશૈલ, અન્નામલાઈ, અણ્ણામલૈ, અરુણૈ, સુદર્શનગિરિ... વગેરે નામોથી પણ જાણીતુ છે.
- તે દક્ષિણ ભારત ના પાંચ મુખ્ય શિવતીર્થો માંહેનું એક છે.
- તેની પરિધિ ૧૦ કિ.મી. અને પ્રદક્ષિણા પથ ૧૪ કિ.મી.નો છે.
- તેના પશ્ચિમ ઢોળાવ પર જંગલ અને પૂર્વ ઢોળાવ પર પત્થરો છે.
- તેની તળેટીમાં આવેલું શ્રી અરુણાચલેશ્વર મંદિર ૨૫ એકર ક્ષેત્રમાં ફેલાયેલું છે, જે દક્ષિણ ભારતનું બીજું સૌથી વિશાળ મંદિર છે. આ મંદિર ૧૧ માળનું ૨૧૭ ફૂટ ઊંચું ગોપુરમ્ ધરાવે છે.
- પ્રદક્ષિણા દરમિયાન શ્રી અરુણાચલનાં પંચમુખ, સ્વયંભુ નંદી, શિવશક્તિ ઐક્ય જેવા વિવિધ રૂપનાં દર્શન થાય છે. ઉપરાંત, ૧૨ ચંદ્ર રાશી સાથે જોડાયેલા આઠેય દિશામાં ૮ લિંગનાં મંદિરો અને પવિત્ર જલકુંડ અતિ મહત્વના સ્થાનો છે.
- શ્રી અરુણાચલમાં શ્રી રમણ આશ્રમ, સ્કંદાશ્રમ, વિરૂપાક્ષ ગુફા, આમ્ર ગુફા, મુલૈપાલ તીર્થ, પવળ કુન્રુ(પ્રવાલ પર્વત), પચૈઅમ્મન મંદિર જેવા અનેક આધ્યાત્મિક ઊર્જાનાં સ્ત્રોત છે.
- ભગવાન શ્રી રમણ મહર્ષિએ કિશોરાવસ્થામાં જ આવીને અહીં નિવાસ કરતા શ્રી અરુણાચલની ખ્યાતિ સમગ્ર વિશ્વમાં ફેલાયેલી છે.
- શૈવ મતનું આ કેન્દ્ર, સાધનાની ગંગોત્રી છે.

## : વિશેષ નોંધ :

- શિવ પુરાણમાં શ્રી અરુણાચલ નું વર્ણન છે. સ્કંદ પુરાણમાં શ્રી અરુણાચલ નું વિસ્તૃત વર્ણન છે.
- હાલમાં, ગીતાપ્રેસ, ગોરખપુર દ્વારા સંક્ષિપ્ત સ્કંદપુરાણ (ગુજરાતી) પ્રકાશિત થયેલ છે, જેનો કોડ નંબર ૨૦૩૬ છે. મૂલ્ય Rs. ૩૫૦/ છે. આ પુરાણમાં શ્રી અરુણાચલ માહાત્મ્ય ખંડ , માહેશ્વર ખંડ, page number : ૨૫૬ થી ૨૭૮ પર શ્રી અરુણાચલના વિવિધ પાસાંઓ, ઘટનાઓનું વિસ્તૃતિકરણ આપેલું છે.
- હિન્દી માં પ્રકાશિત संक्षिप्त स्कन्दपुराण નો કોડ : ૨૭૯ ISBN - 81-293-0139-3 છે. page number ૨૩૮ થી ૨૬૦ પર વિવરણ છે.
- આ ઉપરાંત, શ્રી રમણ આશ્રમ, તિરુવન્નામલાઈ, તામિલનાડુ, દક્ષિણ ભારતની વેબસાઈટ www.sriramanamaharshi.org પર વિશેષ માહિતી મેળવી શકાય.
- વળી, Arunachala LIVE Android Apps મોબાઈલમાં ગૂગલ પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરીને શ્રી અરુણાચલનાં દર્શન કરી શકાય છે.
- તામિલ ભાષામાં શ્રી અરુણાચલ પર સુપર સ્ટાર રજનીકાંતની ફિલ્મ **અરુણાચલમ** બનેલી છે.
- આ પુસ્તિકા નીચેના સરનામેથી નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે.


**શ્રી ગોર આશ્રમ, ખરેડા (મોરબી)**

योजनत्रय मात्रे स्मिन अेत्रे निवसंता नृणाम् ।
दिआदीकं विनाव्यस्तु मत्सायुज्यं ममाज्ञया ।।

- श्री अरुणाचलम् माहात्म्य

મારી આ આજ્ઞા છે કે આ સ્થાન શ્રી અરુણાચલનાં ત્રણ યોજન (લગભગ ૨૪ માઈલ = ૩૮.૪ કિ.મી.) ની પરિધિમાં રહેનારા ભક્ત, કોઈપણ દીક્ષા કે આધ્યાત્મિક અભ્યાસ વગર મારું સાયુજય પ્રાપ્ત કરશે. અત્રેનાં નિવાસી નિમ્ન જીવ, પ્રજાતિઓ પણ રહેવા માત્રથી મુક્તિ પામશે.

-શ્રી અરુણાચલમ્ માહાત્મ્ય.



सदाशिवा समारंभा ऋभु ऋषि आदि मध्यगाम् ।
श्री रमण सद्गुरु पर्यन्ताम् वंदे गुरु परंपराम् ।।